સમય સંદેશ

જાહેરાત, પ્રેસનોટ, ટ્યૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર. મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત.. અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..

આશાપુરા ન્યૂઝ એજન્સી

કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર મો.૯૩૨૮૧૦૪૧૮૨



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

સપનું નહીં, રાત બદલાય છે..
મંઝીલ નહીં,રાહ બદલાય છે..
આશા જીવંત રાખજો, નસીબ
બદલાઈ કે ના બદલાય પણ
સમય જરૂર બદલાય છે!


વર્ષઃ ૮ ● અંકઃ ૩૪૮ ● તારીખઃ ૨૫.૧૦.૨૦૨૩, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060




જામનગરમાં વિજયા દશમી નિમિત્તે રાવણ દહન

વાંચો પાના નં. 02



કેબિનેટ મંત્રી અને સાંસદે તાલુકા કક્ષાના મીલેટસ કૃષિ મેળાની લીધી મુલાકાત

વાંચો પાના નં. 03



દિપાવલિના પર્વ ટાંકણે ફૂડ શાખા ફૂલ ઍકશનમાંઃ ૧૯ સ્થળે દરોડા

વાંચો પાના નં. 04

## અમે શ્રીરામની મર્યાદા અને સરહદનું રક્ષણ જાણીએ છીએ- વડાપ્રધાન



### વિજયા દશમીના અવસરે દિલ્હીમાં રાવણના પૂતળાનું દહનઃ પ્રધાનમંત્રી મોદીએ લીધો ભાગ

અસત્ય પર સત્યના વિજયના પ્રતિક બનેલા એવા વિજયા દશમી (દશેરા) પર્વની દિલ્હી સહિત સમગ્ર દેશભરમાં ભારે રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. વિજયા દશમીના તહેવારમાં રાવણના પૂતળા બાળકનો રિવાજ છે. આ વખતના દશેરામાં પણ દિલ્હી સહિત દેશમાં અનેક ઠેકાણે રાવણના પૂતળાના દહન કરાયું હતું.

દિલ્હીના દ્વારકામાં આવેલા રામલીલા મેદાનમાં પ્રધાનમંત્રી મોદીએ દશેરા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સૌથી પહેલા પીએમ મોદીએ નાટક મંડળીમાં રામ-લક્ષ્મણ અને સીતા બનેલાની આરતી ઉતારી હતી. ત્યાર બાદ સામે ઊભા કરવામાં આવેલા રાવણના વિશાળ પૂતળાને આગ ચાંપી હતી. આગ ચાંપતા જ રાવણનું પૂતળું ભડભડ કરતું સળગી ઉઠ્યું હતું. રાવણ પૂતળાના દહન પહેલા પ્રધાનમંત્રી મોદીએ સંબોધન કર્યું હતું.

અનુ પાના નં.૨ પર



## કેટલાક લોકો દેશનો વિકાસ ઈચ્છતા નથી

### નાગપુર ખાતે વિજયાદશમી નિમિત્તે શસ્ત્ર પૂજનઃ મોહન ભાગવતની માર્મિક ટકોર

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)નો વાર્ષિક 'વિજયાદશમી ઉત્સવ' કાર્યક્રમ મંગળવારે મહારાષ્ટ્રના નાગપુરમાં કાર્યકરોના 'પથ સંચલન' સાથે શરૂ થયો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર હતા.

વિજયાદશમીના અવસર પર, નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલયમાં સ્થાપના દિવસ અને શષા પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગપુરના રેશિમબાગ મેદાનમાં આયોજિત આ કાર્યક્રમમાં સંઘના વડા મોહન ભાગવતે લોકોને સંબોધતા કહ્યું કે ભારતે વિશ્વના મહત્વપૂર્ણ દેશોમાં સ્થાન મેળવ્યું છે. આ વખતે એશિયન ગેમ્સમાં અમારા ખેલાડીઓએ ૧૦૭ મેડલ જીત્યા છે. આપણો દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે.

અનુ પાના નં.૨ પર

## રાજનાથ સિંહે તવાંગમાં સૈનિકો સાથે દશેરાની ઉજવણી કરી



રક્ષા મંત્રી રાજનાથ સિંહે દશેરાના અવસર પર અરુણાચલ પ્રદેશના તવાંગમાં ચીન સાથેની સરહદ પર યુદ્ધ સ્મારક પર જીવ ગુમાવનારા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી. આ સાથે રક્ષા મંત્રી રાજનાથ સિંહે અરુણાચલ પ્રદેશના બમ લાથી સરહદની બીજી તરફ ચીની પીએલએ ચોકીઓનું નિરીક્ષણ કર્યું હતું. અરુણાચલ પ્રદેશમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે વિજયાદશમી પર તવાંગમાં શસ્ત્ર પૂજા કરી હતી. દિલ્હીના લાલ કિલ્લાના મેદાનમાં દશેરાની ઉજવણીની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. રાવણ, કુંભકરણ અને મેઘનાથના વિશાળ પૂતળા તૈયાર કરવામાં આવ્યા છે. દશેરા નિમિત્તે દિલ્હીના લાલ કિલ્લાના મેદાનમાં રાવણ, મેઘનાદ અને કુંભકરણ સહિતના સનાતન ધર્મનો વિરોધ કરનારાઓના પૂતળા પણ સળગાવવામાં આવ્યા છે.

તવાંગમાં ભારતીય સેનાને સંબોધિત કરતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે 'આપએ સરહદોને સુરક્ષિત રાખી છે. આ કારણોસર, આંતરરાષ્ટ્રીય વિશ્વમાં

અનુ પાના નં.૨ પર

## રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને આવ્યો હાર્ટ એટેક

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અવારનવાર હેડલાઈન્સમાં રહે છે. ફરી એક વાર તેની સાથે જોડાયેલા એક મોટા સમાચાર સામે આવ્યા છે. હકીકતમાં, એક રશિયન ટેલિગ્રામ ચેનલે દાવો કર્યો છે કે રવિવારે સાંજે પુતિનની તબિયત અચાનક બગડી હતી. જ્યારે તેમની તબિયત લથડી ત્યારે તેઓ તેમના બેડરૂમમાં હતા. એક ટેલિગ્રામ ચેનલને ટાંકીને જણાવ્યું હતું કે પુતિનને કાર્ડિયાક અરેસ્ટ થયો હતો, ત્યારબાદ તેમના ગાર્ડે તેમને તેમના બેડરૂમના ફ્લોર પર પડેલા જોયા હતા. ટેલિગ્રામ ચેનલે દાવો કર્યો હતો કે પુતિન 'ભોંય પર પડેલા હતા અને તેમની આંખો ભટકતી હતી.

## લોકસભા ચૂંટણીની તૈયારી શરૂ, પ્રધાનમંત્રી મોદી ફરી ગુજરાત પ્રવાસે આવશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી ગુજરાત પ્રવાસે આવશે. જેમાં હવે લોકસભા ચૂંટણીની તૈયારી શરૂ થઈ છે. ઙ્ખ મોદી ૩૦મીએ ખેરાળુમાં સભા સંબોધશે, ૩૧મીએ કેવડિયા જશે. લોકસભા ચૂંટણીની તૈયારી શરૂ થતા દિવાળી પછી સૌરાષ્ટ્રનો પ્રવાસ નક્કી છે. તેમજ અમિત શાહ અમદાવાદમાં છે. જેમાં આજે માણસા, સાણંદ અને કલોલમાં કાર્યક્રમમાં ભાગ લેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૩૧ ઓક્ટોબરને સરદાર જંયતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટી-SOUના કાર્યક્રમ પૂર્વે વધુ એક દિવસના રોકાણ સાથેનો નવો શિડયુલ તૈયાર થઈ રહ્યો છે. ઙ્ખઘમાંથી પ્રાપ્ત



માહિતી મુજબ નરેન્દ્ર મોદી હવે ૩૦મી ઓક્ટોબરે ગુજરાત આવી રહ્યા છે. આ દિવસે તેઓ મહેસાણાના ખેરાળુમાં વિશાળ જનસભાને સંબોધશે, સાથે જ વિકાસ કામોના લોકાપર્ણ, ખાતમૂર્હત પણ કરશે. બીજા દિવસે કેવડીયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચશે. એકાદ મહિના ટૂંકા અંતરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતમાં મુલાકાતનો આ બીજો તબક્કો છે. જેને સરકારી તંત્ર તેમજ ભાજપના જાણકારો લોકસભા ચૂંટણી-૨૦૨૪ની પૂર્વ તૈયારીના ભાગરૂપે જોઈ રહ્યા છે. કારણ કે, ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર એમ બે દિવસ વડાપ્રધાન

અનુ પાના નં.૨ પર

## અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં એક સાથે બે ચક્રવાતી તોફાનથી ચિંતા

ભારતને અડીને આવેલા અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં એક સાથે બે ચક્રવાતી તોફાન મંડરાઈ રહ્યા છે. ભારતીય હવામાન વિભાગે આ વાવાઝોડાને ગંભીર તરીકે વર્ગીકૃત કર્યા છે અને તેના સંબંધમાં ચેતવણી જાહેર કરી છે. આ વાવાઝોડાને કારણે દક્ષિણ ભારતના રાજ્યો તેમજ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ચક્રવાતી તોફાનનું નામ હામૂન નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે અરબી સમુદ્રમાં સર્જાયેલા ચક્રવાતી તોફાનનું નામ તેજ રાખવામાં આવ્યું છે. સોમવારે સાંજે હામૂન ઓડિશાના લગભગ ૨૩૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વ, દિઘા (પશ્ચિમ બંગાળ) ના ૩૬૦ કિમી અને ખેપુપારા (બાંગ્લાદેશ) ના દક્ષિણ-

અનુ પાના નં.૨ પર

## બનાસકાંઠામાં નિર્માણાધીન બ્રિજનો સ્લેબ ધરાશાયી

### GPC ઈન્ફ્રા કંપની અગાઉ પણ આવી હતી વિવાદમાંઃ અમદાવાદ મનપા અને AUDAએ GPC ઈન્ફ્રાને કરી હતી બ્લેકલિસ્ટ



બનાસકાંઠાના પાલનપુરમાં RTO સર્કલ પાસે નિર્માણાધીન બ્રિજના સ્લેબ ગતરોજ ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો છે. બ્રિજના લોકાર્પણ પહેલા જ બ્રિજના સ્લેબ ધડામ દઈને તૂટી પડતા ગઈઅઈના અધિકારીઓ અને પોલીસની ટીમ દોડતી થઈ હતી. આ બ્રિજ દુર્ઘટનામાં પાલનપુરના બે યુવકો કમકમાટી ભર્યા મૃત્યુ નિપજ્યાં હતા. પાલનપુર બ્રિજ દુર્ઘટના મામલે સરકારના આદેશ બાદ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. RB વિભાગના અધિકારીઓ અને NHAIના અધિકારીઓ દ્વારા દુર્ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. દિયોદર DySP ડી.ટી.ગોહિલને આ કેસની તપાસ સોંપવામાં આવી છે. GPC ઈન્ફ્રા કંપની દ્વારા આ બ્રિજ બનાવવામાં આવી રહ્યો હતો.

પાલનપુરમાં બ્રિજ બનાવનાર GPC ઈન્ફ્રા કંપની અગાઉ પણ વિવાદમાં રહી ચૂકી છે. GPC ઈન્ફ્રાએ અમદાવાદમાં કેટલાય રોડ બનાવ્યા હતા. ૨૦૧૭માં 'વિકાસ ગાંડો થયો છે' સ્લોગન જીપીસી ઈન્ફ્રાને કારણે ચચ્યું હતું. અમદાવાદમાં જીપીસી ઈન્ફ્રાએ બનાવેલ મોટા ભાગના રોડ તૂટી ગયા હતા. અમદાવાદમાં રોડ ધોવાઈ જતા 'વિકાસ ગાંડો થયો છે' સ્લોગન વહેતું થયું હતું. જે બાદ તપાસમાં જીપીસી ઈન્ફ્રાએ રોડ બનાવવામાં પુરતું મટિરિયલ વાપર્યું ન હોવાનું સામે આવ્યું હતું. જીપીસી ઈન્ફ્રાએ અમદાવાદના રોડનું મટિરિયલ બીજી જગ્યાએ વાપરી નાખ્યું હતું, આ કારણે શહેરમાં અનેક વિસ્તારમાં રોડ તૂટી ગયા હતા.

અમદાવાદ મનપા અને AUDAએ GPC ઈન્ફ્રાને બ્લેકલિસ્ટ કરી હતી. GPC ઈન્ફ્રા સામે વસ્ત્રાપુર અને કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ડુપ્લીકેટ બિલ રજૂ કરવા બદલ અગાઉ GPC ઈન્ફ્રા સામે ફરિયાદ નોંધાઈ છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે બ્લેકલિસ્ટ હોવા છતા G.P.C ઈન્ફ્રા કંપનીને બ્રિજ બનાવવાનો કોન્ટ્રાક્ટ કેમ અપાયો?

## યહુદી મહિલાઓની લાશ સાથે પણ રેપ કરવાનું કહેવાયું હતું

### ઈઝરાયેલે ઝડપાયેલા હમાસ આતંકીઓનો કંપાવનારા ખુલાસાઃ મહિલાઓ, બાળકો, વૃદ્ધોને મારવાના અપાયા હતા આદેશો

ગાઝા પટ્ટીથી ઈઝરાયેલ પર હુમલો કરનાર આતંકી સંગઠન હમાસ કેટલું ખતરનાક અને બર્બર છે તેનો ખુલાસો તેના જ આતંકીઓએ કર્યો છે. ઝડપાયેલા આતંકવાદીઓએ કબૂલાત કરી હતી કે, તેમને ઈઝરાયેલી બાળકો, મહિલાઓ અને પુરુષો પર એવી રીતે અત્યાચાર કરવાની સૂચના આપવામાં આવી હતી કે માનવતાનો આત્મા ધ્રૂજે ઉઠે.

ઈઝરાયલ સિક્યોરિટીઝ ઓથોરિટીએ એક વીડિયો ક્લિપ શેર કરી છે તેમાં હમાસના આતંકવાદીઓએ ૭ ઓક્ટોબરના રોજ દક્ષિણ ઈઝરાઈલમાં થયેલા જીવલેણ આતંકવાદી હુમલામાં તેમની સક્રિય સંડોવણીની કબૂલાત કરી હતી. પૂછપરછમાં હમાસના આતંકીઓએ કબૂલ કર્યું કે તેમને દરેક ઈઝરાયલી કેદીના બદલામાં ૧૦ હજાર ડોલર અને ઘરનું વચન અપાયું હતું. એક આતંકી એવું કહેતો સાંભળી શકાતો હતો કે કમાન્ડરે અમને ઈઝરાયલીઓના માથા વાઢવાનું અને તેમની સાથે જે

અનુ પાના નં.૨ પર

## પંચમહાલઃ કાલોલ નજીક ભેદી બ્લાસ્ટથી ખળભળાટ

### ૨૫ કિ.મી સુધી મકાનો અને ફેક્ટરીની દીવાલો ધ્રુજી ઉઠી

કાલોલમાં ભેદી બ્લાસ્ટ થયો છે. કાલોલના મલાવ નજીક ભેદી ધડાકો થતા દોડધામ મચી જવાની ઘટના બની છે, મલાવ સહિત આસપાસના ૨૦થી ૨૫ કિ.મી સુધીના વિસ્તારમાં કંપનની અસર જોવા મળી છે. કાલોલના મલાવ નજીક ભૂકંપ આવ્યો હોય તેવો ધડાકો થતા અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, આજે બપોર બાદ કાલોલના મલાવ નજીક ભેદી ધડાકો થયો હતો. જેના કારણે મલાવ સહિત આસપાસના ૨૦થી ૨૫ કિ.મી સુધીના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. મલાવ સહિત આસપાસના ગ્રામજનો ધડાકા દિશા તરફ તપાસ માટે દોડી આવ્યા હતા. પાણી પુરવઠા વિભાગના સંપ બનાવવાની કામગીરી દરમ્યાન ભૂકંપ જેવો ધડાકો થયો છે. વિભાગની એજન્સી દ્વારા અંડર ગ્રાઉન્ડ સંપ બનાવવાની કામગીરી

અનુ પાના નં.૨ પર





તસવીરઃ જીતુ સોલંકી





## જામનગરમાં રાવણ દહન પહેલાં શોભાયાત્રા..

દશેરા નિમિત્તે સિંધી સમાજ દ્વારા રાવણ દહન પહેલાં શોભાયાત્રા યોજવામાં આવી હતી જેમાં વિવિધ ફ્લોટ્સ તૈયાર કરી દરેક ફ્લોટ્સ ભગવાનના વેશભૂષા સાથે બેસાડવામાં આવ્યાં હતાં. આ શોભાયાત્રાને નિહાળવા માટે મોટી સંખ્યામાં નજરજનો ઉપસ્થિત રહ્યાં હતાં અને ભારે આકર્ષણ જણાયું હતું.

# જામનગરમાં વિજયા દશમી નિમિત્તે રાવણ દહન

## મીઠાઇ, ફાફડાની ખરીદી કરવા લોકો ઉમટ્યાઃ ઠેર ઠેર ફાફડા જલેબીની દુકાનોમાં લાંબી કતારો






તસવીરઃ જીતુ સોલંકી

જામનગર સહિત સમગ્ર હાલારમાં દશેરાના તહેવારની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી, ગરબીઓમાં બહેનોને મોટી લ્હાણી આપવામાં આવી હતી. રાજપૂત સમાજ, પોલીસ હેડ કવાર્ટર સહિતના સ્થળોએ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગઈકાલે સાંજે રાવણ દહનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોને ઉપસ્થિત રહ્યાં હતાં.

જામનગરમાં ૩૫૦ થી વધુ સ્થળોએ પ્રાચીન ગરબીમાં માં અંબાને યાદ કરવામાં આવ્યા હતા અને આજે છેલ્લા દિવસે માતાજીને ભાવભરી વિદાય આપવામાં આવી હતી., નવાગામ ઘેડ, રણજીતનગર, ચાંદીબજાર, પ્રદર્શન મેદાન, ગાંધીનગર, મીગ કોલોની, પટેલ કોલોની, હાપા, ગુલાબનગર સહિતના અનેક વિસ્તારોમાં પ્રાચીન ગરબીએ અનેરૂ આકર્ષણ જમાવ્યું છે ત્યારે બે-બે મહિનાની પ્રેક્ટીસ બાદ બાળાઓએ નવ-નવ દિવસ સુધી માતાજીની આરાધના કરી હતી.

સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશભાઇ અકબરી, રીવાબા જાડેજા, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા સહિતના અન્ય મહાનુભાવો દ્વારા ગરબીઓમાં લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું, અને વોર્ડવાઇઝ બાળાઓને લ્હાણી આપવામાં આવે છે, જામનગરમાં ૯ દિવસ સુધી નવરાત્રિ મહોત્સવ રંગેચંગે ઉજવાયો છે, હજુ સુધી કોઇપણ જાતનો અનિચ્છનીય બનાવ બન્યો નથી, તેથી અધિકારીઓએ પણ રાહતનો દમ લીધો છે.

આજે દશેરાના દિવસે લોકો મિઠાઇ ખરીદી રહ્યા છે, જ્યારે અવનવા ડ્રેસ ખરીદવા માટે ફાઇનલની તૈયારી કરવા માટે ખૈલેયાઓ બજારમાં ઘૂમી રહ્યા છે, આમ આજે નવરાત્રિ પૂર્ણ થઇ રહી છે, અને લોકોએ આ વખતે નવરાત્રિની ભારે મોજ માણી હતી.

બીજી તરફ ગઈકાલે દશેરા નિમિત્તે ફાફડા-જલેબી આરોગવાનું ભારે મહત્વ હોય લોકોએ ફફડા અને જલેબી સહિતની ફરસાણની દુકાનોમાં રીતસરની તડી બોલાવી હતી.

# અલિયાબાડા અને નેવીમોડાની વચ્ચે ટ્રેનમાંથી પટકાતાં અજ્ઞાત વ્યક્તિનું મોત

## ઓળખ માટે તજવીજ હાથ ધરાઈઃ ટ્રેન હેઠળ કપાઈ ગયાંનુ અનુમાન



તસવીરઃ જીતુ સોલંકી

જામનગર નજીક અલિયાબાડા અને નેવીમોડા ગામની વચ્ચેની રેલ્વે ટ્રેક પર થી પસાર થઈ રહેલી એક ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક અજાણ્યા પુરુષનું અકસ્માતે ટ્રેનમાંથી નીચે પટકાઇ પડવાથી ગંભી ઈજા થવાના કારણે મૃત્યુ નીપજયું છે.

આ બનાવ અંગે રેલવેના કર્મચારી અરવિંદ કુમાર ભ્રમપાલસિંગએ પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃતદેહનો કબ્જો સંભાળી, તેની ઓળખ કરવા માટે જામનગરની જી જી. હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખ્યો છે. આ બનાવ અંગે જાણ થતા પોલીસ ટુકકડી ગઈ હતી અને મૃતદેહના કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરવી છે પોલીસ દ્વારા તેને ઓળખ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મરનાર યુવાન શરીરે પાતળા બાંધાનો અને મહેંદી કલર જેવો શર્ટ, આસમાની કલરનું ટીશર્ટ, કાળા કલર જેવું જીન્સનું પેન્ટ પહેરેલ છે, જમણા કાંડા પર અંગ્રેજીમાં એમ.જે. ત્રોફાવેલ છે અને ડાબા હાથની કલાઈ પર હનુમાનજીનું ચિત્ર ત્રોફાવેલ છે. હાથની વચ્ચેની બે આંગળીઓ અને અંગુઠો કપાયેલ જુનું નિશાની છે, વાલી વારસ બાબતે કોઇને જાણ થાય તો પંચ-એ પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે.

# માનસિક બિમારીથી કંટાળી જઈ કાલાવડ પાસે વૃદ્ધાએ કૂવામાં ઝંપલાવ્યું

કાલાવડ તાલુકાના બામણગામના વતની અને હાલ જામનગરના ગ્રીનસીટી શેરી નં. ૧માં રહેતા કંચનબેન ધીરુભાઇ ગીણોયા (ઉ.વ.૫૫) નામના વૃદ્ધા છેલ્લા ચારેક વર્ષથી માનસીક બિમાર હોય અને તેની દવા ચાલુ હતી, જો કે સારૂં થતું ન હોય, દરમ્યાન તેના ગામ બામણ પરસોતમભાઇના ઘરે થોડા દિવસ માટે રોકાવા ગયા હતા, દરમ્યાન બિમારીથી કંટાળીને કંચનબેને બામણ ગામની ઉમગણી સીમમાં આવેલ હિતેશભાઇની વાડીના કુંવામાં પોતાની મેળે ઝંપલાવતા ડુબી જવાથી મૃત્યુ થયુ હતું.

આ બનાવ અંગે ધીરૂ ગોવિંદભાઇ ગીણોયા દ્વારા કાલાવડ ગ્રામ્ય પોલીસમાં જાણ કરવામાં આવી હતી, ગઇકાલે મહિલા કુવામાં પડી ગયાનો મેસેજ મળતા કાલાવડ ફાયર બ્રિગેડની ટુકડીએ મૃતદેહ બહાર કાઢી પોલીસને સોપ્યો હતો.

# કાલાવડના પ્રૌઢને છાતીમાં તીવ્ર દુઃખાવો ઉપડતાં મોત

મુળ મેથાણ ગામના વતની અને હાલ કાલાવડના આંબેડકરનગરમાં રહેતા રવજીભાઇ કાનાભાઇ લુવાર (ઉ.વ.૫૫) નામના વૃધ્ધને તુટ, કળતર અને છાતીમાં દુઃખાવો ઉપડતા ગઇકાલે સારવારમાં લઇ જવામાં આવતા તેમનું મૃત્યુ થયુ હતું, આ બનાવ અંગે પ્રફુલ રવજીભાઇ દ્વારા ટાઉન પોલીસમાં જાણ કરવામાં આવી હતી.

## તંત્રી સ્થાનેથી..

# સમલૈંગિક વિવાહ જટિલ સવાલ!

હાલમાં જ સુપ્રીમ કોર્ટની પાંચ જજોની પીઠે સમલૈંગિક વિવાહને કાનૂની માન્યતા આપવાનો ઈનકાર કરી દીધો. શીર્ષ ન્યાયાલયે પોતાના ચુકાદામાં કહ્યુ કે આ વિશે કાયદો બનાવવાનું કામ સંસદનું છે. જોકે પીઠે એના પર ભાર મૂક્યો કે સમલૈંગિક વ્યક્તિઓએ પોતાનો સાથી પસંદ કરવાનો અધિકાર છે. ઉલ્લેખનીય છેકે ૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સમલૈંગિક સંબંધોને અપરાધના દાયરામાંથી બહાર કરી દીધા હતા. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે સમલૈંગિક વિવાહ પર કોઈ આદેશ પસાર કરવાને બદલે આ વિશે સંસદને વિચાર કરવાનું કહ્યું. આશા રાખીએ કે સંસદ સમલૈંગિક લોકોના અધિકારોની રક્ષા કરતાં સમાજ અને પરિવાર સંસ્થાને ધ્યાનમાં રાખીને જ કોઈ નિષ્કર્ષ પર પહોંચશે. ધ્યાન રહે કે સુપ્રીમ કોર્ટના ચુકાદાને સમલૈંગિક સંગઠનો પોતાના માનવાધિકારનું હનન કહી રહ્યા છે. તેમના દ્વારા એ સ્થાપિત કરવાની ચેષ્ટા કરવામાં આવી રહી છે કે તેઓ વિષમ–લિંગ દંપતિઓ જેવા જ છે અને તેમની જેમ જ સારા વાલી/પાલક બની શકે છે. પોતાના આ તર્ક પાછળ તેઓ કેટલાક સામાજિક સંસોધનોને આધાર બનાવે છે, પરંતુ કેટલાય સમાજશાસ્ત્રી અને મનોવિજ્ઞાની એમ કહેતા રહ્યા છે કે આવી શોધો મોટાભાગે વકીલો દ્વારા જ કરવામાં આવ્યા છે, જે સામાજિક વૈજ્ઞાનિક શોધની પદ્દ્ધતિથી મોટાભાગે પરિચિત નથી હોતા, તેથી આ શોધ ત્રુટિઓથી ગ્રસ્ત છે. આ સંબંધે સૌથી ગહન સમીક્ષા સમાજશાસ્ત્રના પ્રોફેસર સ્ટીવન નોટ દ્વારા કરવામાં આવી. તેમને કેનેડાના એટર્ની જનરલના વિશેષજ્ઞ સાક્ષી રૂપે કેટલાય સો એવા અધ્યયનોની સમીક્ષા કરવા માટે કહ્યું હતું, જે સમલૈંગિકતાને ઉભયલિંગી સંબંધોને સમતુલ્ય માને છે. સ્ટીવને નિષ્કર્ષ કાઢ્યો કે તેમના દ્વારા સમીક્ષા કરવામાં આવેલ તમામ શોધોમાં નિષ્પાદનની ઓછામાં ઓછી એક ગંભીર ખામી હતી. તેમાંથી એક પણ અધ્યયન વૈજ્ઞાનિક સંશોધનના સામાન્ય સ્વીકૃત માપદંડો અનુસાર આયોજિત નહોતી કરવામાં આવી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ તમામ અધ્યયનો એ પ્રકારે સામાજિક, વૈજ્ઞાનિક પ્રમાણ પ્રસ્તુત નથી કરતા!

# જામનગરની ગૃહિણીની પજવણી કરતાં સાસરિયાઓ સામે ફરિયાદ

ભીમવાસ શેરી નં. ૧માં રહેતી પરિણીતાને મેણાટોણા મારી શારીરીક, માનસીક દુઃખત્રાસ આપી ઢીકાપાટુનો માર મારી તેમજ ધોકા વડે માથામાં મુંઢ ઇજા કરી, અપશબ્દો કહયા હતા, જયારે છએક માસ પહેલા આરોપી દેવજીએ ફરીયાદીને અપશબ્દો કહી બિભત્સ માંગણી કરી હતી. આ ઉપરાંત ફરીયાદી તથા તેમની દિકરીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ એકબીજાને મદદગારી કરી હતી. આથી તેણીએ સીટી-બી ડીવીઝનમાં ભીમવાસમાં રહેતા ભાનુ દેવજી જાદવ, પ્રકાશ દેવજી જાદવ તથા દેવજી જાદવની વિરુધ્ધ આઇપીસી ૪૯૮(એ) સહિતની જુદી જુદી કલમ મુજબ ફરીયાદ નોંધાવતા પીએસઆઇ ચનીયારા તપાસ ચલાવી રહયા છે.

# ખંભાળિયા તાબેના સિદ્ધપુરના યુવકને જાનથી મારી નાખવાની ધમકી

ખંભાળિયા તાલુકાના સિદધપુર ગામે રહેતા જેઠાભાઈ ગોરધનભાઈ પરમાર નામના ૪૦ વર્ષના યુવાન પોતાનું ટ્રેક્ટર લઈને વાડીએ જઈ રહ્યા હતા, તે દરમિયાન આ જ વિસ્તારમાં રહેતા રણમલ નાથાભાઈ ડાભી નામના શખ્સના ઘર પાસે પહોંચતા આરોપી રણમલને વચ્ચે રહેલું પોતાનું ટ્રેકટર સાઈડમાં રાખવાનું કહેતા ઉશ્કેરાયેલા આ શખ્સએ ફરિયાદી જેઠાભાઈ સાથે ઝઘડો કરી, બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આટલું જ નહીં, આરોપીએ પાવડા વડે ટ્રેક્ટર પર ઘા ફટકારતા આનાથી જેઠાભાઈ પરમાર ઈજાગ્રસ્ત થયાનું પોલીસમાં જાહેર થયું છે. જે અંગે પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘોડી પાસાના છ ખેલંદાઓ નવાગામ ઘેડ ખાતેથી ઝડપાયા

શહેરના નવાગામ ઘેડમાં આવેલ કબીરનગર પાસે ગોળ કુંડાળુ વાડીને ઘોડીપાસાનો જુગાર રમતા કબીર નગરના કાસમ ઓસમાણ નોયડા, રજાક અલારખા દરજાદા, ઈમરાનખાન કાસમખાન પઠાણ, સલીમ અજીત પઠાણ, દિનેશ પોલા કરમુર અને જાસોલીયા સોસાયટીના બનેસંગ ભીખુભા જાડેજાને રોકડા ૨૦ હજાર અને પાસા સાથે એલસીબીની ટુકડીએ દરોડા દરમ્યાન પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# જામનગરમાં સાડા ચાર લાખના ચેક રીટર્ન કેસમાં બે વર્ષની સાદી કેદ

જામનગરમાં ૪.૫૦ લાખની રકમનો ચેક પરત ફરવાના કેસમાં આરોપીને અદાલતે બે વર્ષની સાદી કેદની સજાનો અને ચેકની રકમ મુજબના દંડનો હુકમ કર્યો છે. જામનગર યોગીરાજ સિંહ રાજેન્દ્રસિંહ જાડેજા પાસેથી મોહનભાઈ બુધાભાઈ ભાંભી એ સબંધ નાં દાવે ૪ લાખ ૫૦ હજાર ની રકમ હાથ ઉછીની મેળવી હતી. જેની પરત ચુકવણી માટે ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફરતા યોગીરાજસિંહ જાડેજા એ અદાલત માં ફરિયાદ નોંધાવી હતી. આ અંગેનો કેસ ચાલી જતા એડી .ચીફ. જ્યુડિ.મેજિસ્ટ્રેટ આર. બી. ગોસાઈએ આરોપી મોહનભાઈ ભાંભીને બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ એટલે કે રૂપિયા ૪ લાખ ૫૦ હજારનો દંડ અને તે રકમ ફરિયાદી ને ચૂકવી આપવા તેમજ દંડ ની રકમ ન ભરે તો વધુ ચાર માસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ ગિરિરાજસિંહ કે જાડેજા રોકાયા હતા.

## અનુસંધાન

### ક્ષત્રિય સમાજ અને

(પાના નં. ૪ થી આગળ)

સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પરંપરાગત રીતે શસ્ત્રપુજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત દશેરાના દિવસે ક્ષત્રિય સમાજ દ્વારા પરંપરાગત શસ્ત્રપૂજન યોજાયું હતું, આ ઉપરાંત એક વિશાળ બાઇક રેલી પણ નિકળી હતી, યુવાનોએ મહારાણા પ્રતાપની પ્રતિમાએ જઈને હારતોરા કર્યા હતાં, ક્રિકેટ બંગલા સામે રાજપૂત સમાજની વાડી ખાતે પૂર્વ મંત્રી હકુભા જાડેજા, ડિસ્ટ્રીકટ બેંકના ચેરમેન પી.એસ.જાડેજા, ગોવુભા જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, પ્રવિણસિંહ ઝાલા, ભરતસિંહ જાડેજા, પી.ડી.રાયજાદા, પ્રવિણસિંહ જાડેજા, સહિતના ક્ષત્રિય સમાજના વરીષ્ઠ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને શસ્ત્રોનું પુજન કરવામાં આવ્યું હતું.

### મેઘપરમાં બનેલા

(પાના નં. ૪ થી આગળ)

પો.કોન્સ ભગીરથસિંહ જાડેજા સ્ટાફના કર્મચરીઓને સીરોદ ગામ તા. સરદારપુર, જી. ધાર એમ.પી. ખાતે આ કામના નાસતા ફરતા આરોપી તથા ભોગ બનનાર સગીરાની તપાસમાં જતા.

આ કામના આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મિન ધુમા વસુનીયા રહે. તથા સગીરાને શોધી હસ્તગત કરી, મેઘપર પડાણા પોલીસ સ્ટેશન લાવી પીએસઆઇ બી.બી. કોડીયાતરે ગુનાની આગળની કર્યવાહી માટે આરોપી તથા ભોગ બનનાર સગીરાને તપાસ માટે સોંપી આપ્યા હતા.

### કારખાનામાં થયેલી

(પાના નં. ૪ થી આગળ)

૧૨૫ કીલો વજનના ૪ બાચકા તેમજ ઇકો ગાડી નં. જીજે૩-એમએચ-૫૯૮૦ અને નંબર પ્લેટ વીનાનું એક બાઇક મળી કુલ ૫.૬૭.૫૦૦નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

તપાસ દરમ્યાન રાજકોટ લોહાનગરના કુલદીપ કિરીટ પરમાર, અતુલ રમેશ ચુડાસમા અને રાજુ કાના સોલંકીની સંડોવણી ખુલી હતી જેની શોધખોળ ચલાવવામાં આવી છે, પોલીસે સીટી-સી ડીવીઝનનો ગુનો ડીટિકટ કર્યો હતો.

### ફૂડ શાખા

(પાના નં. ૪ થી આગળ)

પદાર્થ નાશ કરાયો હતો, દિ.પ્લોટ-૫૮માં આવેલ ઓધવરામ ફરસાણમાંથી ૨૦ કિલો અખાદ્ય તેલ, ગોકુલનગરમાં આવેલ હરીઓમ ફરસાણમાંથી ૩૦ કિલો અખાદ્ય તેલનો નાશ કરવામાં આવ્યો હતો જયારે મધુસુદન મસાલા લીમીટિડ (કોલ્ડ સ્ટોરેજ-હાપા), અમી આઇસ ફેકટરી, શિવમ કોલ્ડ સ્ટોરેજ, સમ્રાટ મસાલા (કોલ્ડ સ્ટોરેજ), જેઠવા આઇસ ફેકટરી, અલંકાર ડેરીમાં ચેકીંગ કરાયું હતું.

કામદાર કોલોનીમાં આવેલ વિરાજ પનીર માર્ટમાંથી ૬૦ કિલો પનીરનું ટોકુ અને બંસી ફુડ રાજકોટની આવેલ લેબલ વગરનો માલ તાકીદે પરત કરવા આદેશ કરાયો હતો, દિ.પ્લોટમાં આવેલ ન્યુ યાદવ હોટલ, ગોકુલનગરમાં આવેલ વિશ્વા ફરસાણ માર્ટ, દેવરાજ નેપકીન, ગોકુલનગરમાં આવેલ ખેતેશ્વર સ્વીટ, હેલ્ધી બાઇટસ હિંમનગર રોડ, સ્નેકસ બાઇટ, અંબર સીનેમા રોડ પર આવેલ યમીસ ફુડ, રેલ્વે સ્ટેશન પાસે આવેલ ફૌજી પંજાબી ઢાબામાં ચેકીંગ કરવામાં આવ્યું હતું.

### બેડ નદી

(પાના નં. ૪ થી આગળ)

ટીમ દ્વારા તપાસ ચલાવવામાં આવી હતી. મરનાર અજાણ્યા પુરૂષ, મદયમ બાંધો, ઘઉંવર્ણો, માથા પર આછા કાળા વાળ છે અને શરીરે કાળા કલર જેવું પેન્ટ પહેરેલ છે, મૃતકના વાલીવારસ અંગે સિકકા પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે.

### પૉલીસ હેડ કવાર્ટર

(પાના નં. ૩ થી આગળ)

સ્ટાફ દ્વારા શસ્ત્રપુજન કરવામાં આવ્યુ હતું. પંડીત દ્વારા શાસ્ત્રોક શ્લોકો સાથે શસ્ત્રપુજનની વિધીનો આરંભ થયો હતો, હેડ કવાર્ટર ખાતે આજના શસ્ત્રપૂજનવિધીમાં એકે-૪૭, જુદી જુદી પિસ્તોલો, રાઇફલ, તલવાર સહિતના શસ્ત્રોનું પૂજન કરાયુ હતું, પરંપરાગ રીતે દશેરા નિમીતે શસ્ત્રપૂજનની વિધી એસપીના વડપણ હેઠળ કરવામાં આવી હતી.

### મેરી માટી

(પાના નં. ૩ થી આગળ)

વિધાનસભા વિસ્તારમાંથી સર્વે કાર્યકર્તાઓ સાથેની બસ જામનગર થી અમદાવાદ રવાના થશે, તેની તૈયારીઓ કરવામાં આવી હતી. શહેરના ૭૯-વિધાનસભા વિસ્તારના તમામ વોર્ડના પ્રમુખ,મહામંત્રી,બુથ પ્રમુખ, શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ સહિતના કાર્યકર્તાઓ અમદાવાદમાં યોજનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે, તે અંગેની સમીક્ષા કરવામાં આવી હતી.

### બીએસએનએલ

(પાના નં. ૩ થી આગળ)

કારોબારી તથા સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહેલ. કે.જી. જયરાજ જનરલ સેક્રેટરીએ જણાવેલ કે ૧૪ વર્ષો દરમ્યાન મળેલી નોંધપાત્ર સિદ્ધિઓ પર ગર્વ અનુભવવા માટે સામાન્ય સભ્યોને પરિસ્થિતિ સમજાવીએ. એઆઇબીડીપીએ ૨૦૧૭ પહેલા અને ૨૦૧૭ પછી નિવૃત થયેલા પેન્શનમાં સુધારો ન થાય અને કોઈપણ વિસંગતતા થાય તો ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. ૧૯-૨૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ પુણે મહારાષ્ટ્ર ખાતે યોજનારી આગામી કેન્દ્રીય કાર્યકારી સમિતિની બેઠકમાં ચોક્કસપણે તમામ ગંભીરતા સાથે દરેક મુદે ચર્ચા કરીશું અને યોગ્ય નિર્ણય લઇશું.

### જુનાગઢ

(પાના નં. ૩ થી આગળ)

ટ્રાફિકના ઘસારાને પહોંચી વળવા ભવનાથ ગ્રાઉન્ડ પાસે પ્રવાસીઓને બેસવાની સુવિધા અને અવરજવર માટે ઈકાર વાહનની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે અને ઓફલાઈન ટિકિટ સુવિધા પણ શરુ કરાય છે આ ઉપરાંત રોપવે સાઈડ પર બાળકો આનંદ માણી શકે તે માટે કાર્ટુન કેરેક્ટરો પણ રાખવામાં આવ્યા છે અને પ્રવાસીઓને ભોજનની સુવિધા મળી રહે તે માટે વિશાળ કાફેટારીયા પણ રાખવામાં આવ્યું છે. સેલ્ફી ઝોન દ્વારા લોકો રોપવેની કાયમ સંભારણા રાખી શકે છે.

### શ્રીરામની મર્યાદા

(પાના નં. ૧ થી આગળ)

પીએમે કહ્યું કે અમે શ્રીરામની મર્યાદા પણ જાણીએ છીએ અને સીમાઓની રક્ષા પણ જાણીએ છીએ'

પીએમ મોદીએ કહ્યું, આપણને ભગવાન રામનું ભવ્ય મંદિર નિર્માણ થતું જોવાનું સૌભાગ્ય મળ્યું છે. અયોધ્યામાં આગામી સમયમાં રામનવમી પર લોકો માટે આનંદની ક્ષણ હશે. ભગવાન રામને રામ મંદિરમાં વાસ કરવા માટે માત્ર થોડા મહિના જ બાકી છે. સદીઓ પછી ભગવાન રામ મંદિરમાં બિરાજમાન થશે. પીએમ મોદીએ કહ્યું કે આજે ચંદ્ર પર ભારતની જીત થઈ છે. થોડા અઠવાડિયા પહેલા સંસદના નવા બિલ્ડીંગમાં પ્રવેશ કર્યો હતો.

### દેશનો વિકાસ

(પાના નં. ૧ થી આગળ)

આર્થિક ક્ષેત્રમાં અમે ૧૦મા સ્થાનેથી વધીને પાંચમા સ્થાને પહોંચ્યા છીએ. આપણે માત્ર ટેક્નોલોજીમાં જ નહીં, પણ કળષિ અને અન્ય ક્ષેત્રોમાં પણ પ્રગતિ કરી રહ્યા છીએ.

સંઘ પ્રમુખે વધુમાં કહ્યું કે આપણા દેશમાં ઘણી વિવિધતા છે અને વિવિધતામાં એકતા કેવી રીતે આવી શકે તેનો કોઈ આધાર નથી. યુદ્ધ પર વાત કરતાં તેમણે કહ્યું કે કટ્ટરતા ગાંડપણ તરફ દોરી જાય છે. યુદ્ધો ચાલુ રહે છે. તેનો કોઈ ઉકેલ હોય તેમ લાગતું નથી.

આપણો દેશ પ્રગતિ કરી રહ્યો છે, આત્મવિશ્વાસ વધી રહ્યો છે. જો આપણે દુનિયાને રસ્તો બતાવવો હોય તો આપણે કોઈની નકલ કરવાની જરૂર નથી. આપણે અમારો રસ્તો બનાવવાનો છે. આપણે વિશ્વને એક સફળ પ્રયોગ આપવાનો છે. તેમણે કહ્યું કે ભારતમાં કેટલાક એવા લોકો છે જે નથી ઈચ્છતા કે ભારત ઊભું રહે. તેઓ અલગતા અને સંઘર્ષને રોકવાનો પ્રયાસ કરે છે.

### રાજનાથ સિંહે

(પાના નં. ૧ થી આગળ)

ભારતની પ્રતિષ્ઠા ખૂબ જ ઝડપથી વધી રહી છે જો તમે લોકોએ આંતરરાષ્ટ્રીય સરહદોને સુરક્ષિત ન રાખ્યા હોત, તો ભારત આજે આંતરરાષ્ટ્રીય વિશ્વમાં જે કદમ હાંસલ કરી શક્યું ન હોત. લોકો માની રહ્યા છે કે ભારત આર્થિક રીતે મજબૂત બની રહ્યું છે અને ભારતની સૈન્ય શક્તિ પણ વધી છે.' તવાંગમાં રાજનાથ સિંહે કહ્યું, 'હું ૪ વર્ષ પહેલા અહીં આવ્યો હતો, મેં ઈચ્છા કરી હતી કે વિજયાદશમીના શુભ અવસર પર મને આપણા બહાદુર સૈનિકોની વચ્ચે આવવા દો.

### મોદી ફરી ગુજરાત

(પાના નં. ૧ થી આગળ)

ગુજરાતમાં હતા. તે વેળા તેઓ છોટાઉદેપુર લોકસભા મતક્ષેત્રના બોડેલી ખાતે વિકાસ કામોના લોકાપર્ણ અને ખાતમૂહૂર્તના કાર્યક્રમો સાથે જનસભા સંબોધી હતી. હવે દિવાળી પછી તેઓ સૌરાષ્ટ્રના પ્રવાસે જશે તેમ મનાય છે.

### અરબી સમુદ્ર

(પાના નં. ૧ થી આગળ)

શ્ચિમમાં કેન્દ્રિત હતું. હવામાન વિભાગના નવીનતમ અપડેટ અનુસાર ખૂબ જ તીવ્ર ચક્રવાતી તોફાન તેજ ૨૪ ઓક્ટોબરના રોજ ૨.૩૦ દરમિયાન અલ ગૈદાની દક્ષિણે યમનના દરિયાકાંઠાને પાર કરી ગયું હતું. આ સમયગાળા દરમિયાન મહત્તમ સતત પવનની ગતિ ૧૨૫-૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પહોંચી હતી.

### યહુદી મહિલાઓ

(પાના નં. ૧ થી આગળ)

પણ કરવું હોય તે કરવાનું કહ્યું હતું. વીડિયોમાં હમાસના એક આતંકવાદીને કથિત રીતે કહેતા સાંભળી શકાય છે કે, ''જે પણ બંધકોનું અપહરણ કરીને ગાઝા લાવશે તેને ૧૦,૦૦૦ ડોલરનું સ્ટાઈપેન્ડ અને એક એપાર્ટમેન્ટ મળશે. તેને એમ કહેતા પણ સાંભળવામાં આવે છે કે તેના હેન્ડલર્સે તેને ખાસ કરીને વૃદ્ધ મહિલાઓ અને બાળકોનું અપહરણ કરવાની સૂચના આપી હતી.

### ભેદી બ્લાસ્ટ

(પાના નં. ૧ થી આગળ)

દરમ્યાન પથ્થર તોડવા માટે ધડાકો કરાયો છે. આ ધડાકાથી મસ મોટા પથ્થરો ૫૦૦ મીટર દૂર સુધી હવામાં ફંગોળાયા હતા. એટલું જ નહીં, આજુ- બાજુના મકાનો અને ફેકટરીઓ પણ ભેદી ધડાકાથી ધ્રુજી ઉઠી હતી. આ ભેદી ધડાકોમાં જાણવા મળી રહ્યું છે કે મર્યાદા અને મંજૂરી કરતા ખૂબ જ વધુ માત્રામાં વિસ્ફોટકનો ઉપયોગ પથ્થર તોડવા કરાયો હોવાની ચર્ચા ચાલી રહી છે. જો કે સમગ્ર ઘટનામાં હાલ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.

# જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓની હાજરી વચ્ચે પૉલીસ હેડ કવાર્ટરમાં શસ્ત્રપૂજન





તસવીરઃ જીતુ સોલંકી

વિજયા દશમીના પર્વ નિમીતે પરંપરાગત રીતે શસ્ત્રપૂજન કરવામાં આવે છે, જે અંતર્ગત અહીંના પોલીસ હેડ કવાર્ટર ખાતે એસપી પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા શસ્ત્રપૂજન કરવામાં આવ્યુ હતું, શાસ્ત્રોકત વિધીથી શસ્ત્રપૂજનની અર્ચના કરવામાં આવી હતી, આ વેળાએ મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ સહિતના જોડાયા હતા.

દશેરા નિમીતે ઠેર ઠેર શસ્ત્રપૂજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, શાસ્ત્રોકત વિધી સાથે પૂજનવિધી કરવામાં આવતી હોય છે, દરમ્યાનમાં આજે જામનગર પોલીસ હેડ કવાર્ટર ખાતે સવારના ભાગે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જામનગર જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ દ્વારા અશ્વને તિલક કરી તેમજ જુદા જુદા શસ્ત્રોનું પુજન-અર્ચન કરાયું હતું.

શસ્ત્રપુજનના આ કાર્યક્રમમાં એડમન્ડ ડીવાયએસપી એમ.બી. સોલંકી, સીટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, ગ્રામ્ય ડીવાયએસપી વાઘેલા તથા એલસીબી પીઆઇ ચૌધરી, એસઓજી પીઆઇ ચૌધરી, સીટી-એ પીઆઇ ચાવડા, સીટી-બી પીઆઇ ઝાલા, સીટી-સી પીઆઇ ચૌધરી, ટ્રાફિક શાખાના ઇન્ચાર્જ પીઆઇ કંડોરીયા, પીએસઆઇ અને પોલીસ

અનુ પાના નં.૨ પર

## દશેરા નિમિત્તે અશ્વ અને શસ્ત્રોનું પૂજનઃ પંડીત દ્વારા શાસ્ત્રોક શ્લોકો સાથે શસ્ત્રપુજનની વિધીનો આરંભ મોટી સંખ્યામાં અધિકારીઓ રહ્યાં ઉપસ્થિત

# બીએસએનએલ પેન્શનર્સ એસો. ના સ્થાપના દિવસની ઉજવણી




તા.૨૧-૧૦-૨૩ના એઆઇબીડીપીએ દ્વારા ૧૫માં સ્થાપના દિનની ગુજરાત સર્કલ તથા દરેક ડીસ્ટ્રીકટ બ્રાંચો દ્વારા ટેલીકોમ ડીસ્ટ્રીકટ મથકે ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

આ પ્રસંગે ઓલ ઇન્ડીયા બીએસએનએલ ડોટ પેન્શનર્સ એસો. સર્કલ સેક્રેટરી તથા સેન્ટર હેડકવાટરના ઉપપ્રમુખ મનુભાઇ ચનિયારા, સર્કલ ટ્રેઝરર આર.યુ.અંજારીયા, આસીસ્ટન્ટ ટ્રેઝરર વી.ડી. ધમસાણીયા, સંસ્થાના જિલ્લા પ્રમુખ એચ.ડી.જાડેજા, જિલ્લા મંત્રી એન.એન.કનેરીયા તથા જામનગર જિલ્લાની

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં 'મેરી માટી, મેરા દેશ..' કાર્યક્રમ અંતર્ગત ધારાસભ્યના કાર્યાલય પર કાર્યકરોને માર્ગદર્શન

## બેઠકમાં મેયર અને ભાજપના પ્રમુખ સહિતના મહાનુભાવો રહ્યાં ઉપસ્થિત





તસવીરઃ જીતુ સોલંકી

ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં આગામી તારીખ ૨૭મી ઓક્ટોબરના દિવસે અમદવાદ્ના રિવરફ્રન્ટમાં પ્રદેશ કક્ષાનો 'મારી માટે મારો દેશ' કાર્યક્રમ યોજવા જઈ રહ્યો છે, જેના આયોજન સંદર્ભે એક અગત્યની બેઠક ૭૯-દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીની ઉપસ્થિતિ માં યોજાઈ હતી.

જામનગર શહેર ભાજપના અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા નગરના મેયર વિનોદભાઈ ખીમસૂરિયા ની ઉપસ્થિતિમાં યોજાયેલી આ અગત્યની બેઠકમાં શહેર ૭૯-દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ સમગ્ર કાર્યક્રમની રુપરેખા આપી હતી, અને પ્રદેશ કક્ષાના 'મારી માટી મારો દેશ'ના કાર્યક્રમના આયોજન સંદર્ભે સમીક્ષા કરી હતી.

ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરાએ પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ અગત્યની બેઠકમાં મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, દંડક કેતનભાઇ નાખવા, શહેર ભાજપના મહામંત્રી અને મારી માટી મારો દેશ કાર્યક્રમના જામનગર શહેરના ઇન્ચાર્જ પ્રકાશભાઈ બાંભણિયા,આ કાર્યક્રમના ૭૯ વિધાનસભાના ઇન્ચાર્જ ગોપાલભાઈ સોરઠીયા,ઉપરાંત ૭૯- વિધાનસભા વિસ્તારના તમામ કોર્પોરેટરો, વોર્ડના પ્રમુખ- મહામંત્રી સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૨૭મી ઓક્ટોબરે અમદવાદ્ના રિવરફ્રન્ટમાં યોજાનારા આ કાર્યક્રમમાં ૭૯-

અનુ પાના નં.૨ પર




## જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતોમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત ધાર્મિક સ્થળોની સાફ સફાઇ કરવામાં આવી

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે તેમના સ્વચ્છતા અંગેના આદર્શ વિચારોને સાર્થક કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યમાં પણ આ અભિયાન જન ભાગીદારી થકી વધુ વ્યાપક બન્યું છે અને રાજ્યની સાથે જામનગર જિલ્લામાં પણ સ્વચ્છતાની લહેર છવાઈ છે. જામનગર જિલ્લામાં તા.૨૨ ઓકટોબરના રોજ વિવિધ ગ્રામ પંચાયતોમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત ધાર્મિક સ્થળોની સાફ સફાઇ કરવામાં આવી હતી. જેમાં જે તે વિસ્તારના અને ગામડાના લોકો સાથે મળીને સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

# કેબિનેટ મંત્રી અને સાંસદે તાલુકા કક્ષાના મીલેટસ કૃષિ મેળાની લીધી મુલાકાત

## સ્ટોલ્સમાં કમલમ ફળ, દેશી મધ, જુવાર, રાગી, બાજરાના છોડના નમૂના પ્રદર્શિત કરવામાં આવ્યા




તસવીરઃ જીતુ સોલંકી

રાજયના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં જામનગર માર્કેટિંગયાર્ડ ખાતે તાલુકા કક્ષાના મીલેટસ કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ.વિભાગ, ખેતીવાડી વિભાગ, પશુપાલન વિભાગ, આરોગ્ય વિભાગ અને અન્ય વિભાગો દ્વારા લાભાર્થીઓને માહિતી પૂરી પડતા સ્ટોલ્સ લગાવવામાં આવ્યા હતા. કેબિનેટ મંત્રીશ્રીની સાથે સાંસદશ્રી પૂનમબેન માડમ તેમજ અન્ય પદાધિકારીશ્રીઓએ આ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી, તેમજ લાભાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમમાં, કૃષિ વિભાગના સ્ટોલમાં મિલેટસ પાક જેવા કે બાજરી, જુવાર અને રાગી જેવા વિવિધ પ્રકારના છોડ લગાવવામાં આવ્યા હતા. તેમજ ધાન્યોના સેમ્પલ્સ મુકવામાં આવ્યા હતા. કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને મીલેટસના રોજીંદા જીવનમાં ઉપયોગ કરવાથી થતા લાભો વિશે માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળના લાભાર્થીઓને જે આર્થિક સહાય આપવામાં આવે છે, તેમાં બાકી રહેલ ખેડૂતના ઈ-કે.વાય.સી, આધારકાર્ડ સીડીંગ પ્રોસેસ તથા લેન્ડ સીડીંગ કામગીરી સ્થળ પર જ પરિપૂર્ણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત, બાગાયત વિભાગના સ્ટોલમાં કમલમ ફળ અને દેશી મધના સેમ્પલ્સ મુકવામાં આવ્યા હતા. બાગાયતી ખેતી કરતા ખેડૂતોને મધ ઉછેર કેન્દ્ર કઈ રીતે ચલાવવું જોઈએ તે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ, આત્મા પ્રોજેક્ટ વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ઉત્પાદન થયેલા પાકનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોસ્ટલ બેન્ક, એસ.બી.આઈ. બેન્ક, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના સ્ટોલ, પ્રગતિશીલ ખેડૂતોના સ્ટોલ, જી.એ.ટી.એલ. કંપની સહિતના કૃષિ પ્રદર્શનના સ્ટોલ જાહેર જનતામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ તમામ સ્ટોલ્સની ૧૨૫૦ જેટલા ખેડૂતોએ મુલાકાત લીધી હતી.

આ કાર્યક્રમના અંતે કેબિનેટ મંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે કૃષિ યાંત્રીકરણ, સિંચાઈના સાધનોના ચૂકવણા હુકમનું વિતરણ તેમજ આત્મા યોજના હેઠળ ફુડ સિક્યુરીટી મિશનની શાકભાજી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન, મંચસ્થ મહેમાનો, ખેતીવાડી અને બાગયત વિભાગના અધિકારીશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

# જૂનાગઢમાં રોપવે મારફત ત્રણ વર્ષમાં ૨૨.૨૦ લાખ લોકો દ્વારા ગિરનાર આરોહણ

## ૧૩૦ કરોડના ખર્ચના રોપવે પ્રોજેકટના ત્રણ વર્ષ પૂર્ણ થયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ઉષા બ્રેકો કંપની સંચાલિત ગિરનાર રોપવે પ્રોજેક્ટને પ્રારંભ થયાના આજે ત્રણ વર્ષ પૂર્ણ થયા છે.૨૪ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તે જૂનાગઢ પીટીએસ ગ્રાઉન્ડ ખાતે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પૂર્વ પ્રવાસનમંત્રી જવાહરભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં ગિરનાર રોપવેનું આંગળીના ટેરવે ઈલોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉષા બ્રેકો કંપની સંચાલિત ગિરનાર રોપવે ૧૩૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.૧૯૬૮-૬૯માં પોરબંદર નિવાસી ઉદ્યોગપતિ નાનજી કાલીદાસ મહેતાએ આ માટે સૂચન કર્યું હતું.૧૯૭૩ સુધીમાં આ યોજના પૂરી કરવાનું આયોજન હતું.૧૯૮૩માં વન-વિભાગે ઔપચારિક દરખાસ્ત કરી પરંતુ ત્યારથી વનભૂમિના ડાયવર્ઝન, ડોળીવાળાનો વિરોધ, જમીન સંપાદન, પર્યાવરણની મંજૂરી, ગીધના રહેઠાણ વગેરે કારણે પ્રોજેક્ટ અટવાતો રહ્યો. હાઈકોર્ટ સુધી વાત પહોંચી. કોંગ્રેસના તે સમયના કેન્દ્રીય મંત્રી જયરામભાઈ રમેશે રૂબરૂ જુનાગઢ ખાતે પહોંચી રોપવેને લઇ નામસેસ થઈ રહેલા ગીધ ને લઈ પ્રોજેક્ટ અટકાયો હતો તેને લઈ પણ મુલાકાત કરવામાં આવી હતી. સપ્ટેમ્બર ૨૦૧૮માં પ્રોજેક્ટ શરૂ થયો. લોકડાઉનમાં પણ કામને અસર થઈ હતી. જોકે ત્યારબાદ રોપવે પ્રોજેક્ટ ફરી શરૂ થયો હતો. અને કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્વારા ગિરનાર રોપવે પ્રોજેક્ટને ઝડપી બનાવવા વધુ ગતિશીલ કામગીરી કરવામાં આવી હતી.

૩૫૦૦ફૂટની ઊંચાઈ પર આવેલ અંબાજી મંદિરે અહીં પવનની ગતિ મધ્યમ થી વધુ રહે છે જેથી પવનની વધુ તીવ્રતાનો સામનો કરવા રોપવેની ડિઝાઇન એરોડાયનેમિક બનાવાઈ છે. રોપવે માટે ૯ ટાવર લગાવાયા છે. એમાંથી ૬ નંબરનો ટાવર સૌથી ઊંચો છે.દરેક ટાવર વચ્ચે એમની ઊંચાઇ ૮ માળ જેટલી રખાઈ છે.ગિરનાર રોપવેમાં વાપરવામાં આવેલી રોપ જર્મનીથી મગાવી છે. આ રોપવેમાં પ્રતિ કલાક ૮૦૦ લોકો મુસાફરી કરી શકે છે ૨.૩કિલોમીટરના રૂટમાં ૯ ટાવર લગાવવામાં આવ્યા છે. ૧ ટાવરની લંબાઈ ૬૬ ફટ રાખવામાં આવી છે. રોપવે માં પ્રવાસીઓને બેસી લઈ જવા અધ્યતન ટ્રોલી બનાવવામાં આવી છે જેમાં૮ મુસાફરો બેસી શકે છે. માત્ર ૭ મિનિટમાં જ લોઅર સ્ટેશનથી અપર સ્ટેશાન સુધી લાવવામાં આવે છે. ઉષા બ્રેકો કંપની લિમિટેડ દીપકભાઈ કપલીસના માર્ગદર્શન હેઠળ રોપવે કંપની દ્વારા પ્રવાસીઓને સરળતાથી ટિકિટ મળી રહે તે માટે ઓનલાઇન ટિકિટ બુકિંગની પણ સુવિધા આપવામાં આવી છે આ ઉપરાંત

અનુ પાના નં.૨ પર

# નવમી રાત્રે ગરબીના ચોકમાં જ યુવાનની ઘાતકી હત્યા



પોરબંદરના રોકડિયા હનુમાન મંદિર પાછળ આવેલા શીતલપાર્ક વિસ્તારમાં યોજાયેલ નવરાત્રી મહોત્સવમાં યુવાનની ઘાતકી હત્યા થતા ભારે ચકચાર જાગી છે ગઈકાલે રાત્રે બનેલા આ બનાવમા ખૂનનો ગુનો નોંધાયો છે જેમા દિકરીને એક ઇનામ ઓછુ અપાતા માતાએ ગરબીના આયોજકોને રજુઆત કરી હતી

ત્યાર બાદ અચાનક જ રાત્રે બે વાગ્યે અમુક શખ્સો બાળકીના પિતાને મારમારીને બાઇકમા અપહરણ કરી ગરબી ચોકમા લઇ ગયા હતા અને ત્યાં જ બેફામ માર મારતા સારવાર દરમિયાન તેમનુ મોત નિપજ્યુ છે. પોરબંદરના ક્રિષ્ના પાર્ક, ૨૨ બ્લોક, રોકડીયા હનુમાન મંદિર પાછળ રહેતા માલીબેન સરમણ ઓડેદરા ઉ.વ.૩૬ દ્વારા એવી પોલીસ ફરીયાદ નોંધાવાઈ છે કે, અમો ઘરમાં ત્રણ સભ્યો છીએ, મારા પતિનું ગઈરાત્રે ખુન થઈ જતાં મરણ થઇ ગયેલ છે. મારે સંતાનમાં બે બાળકો છે. જેમાં મોટી દિકરી કૃપાલી ઉ.વ.૧૧ ની છે. બાદનાનો દિકરો કરણ ઉ.વ.૮ નો છે. મારા બન્ને બાળકો અભ્યાસ કરે છે. મારા લગ્ન આજથી ૧૨ વર્ષ પહેલા સરમણ નાગાજણ ઓડેદરા સાથે થયેલ હતા.

એક ઈનામ ઓછુ અપાયુ મારી દિકરી કૃપાલી આ નવરાત્રીમા અમારા લત્તામાં સુરૂચિ સ્કુલની પાછળ ગરબીચોકમા થતી ગરબીમા ભાગ લીધેલ હતો અને ગઈરાત્રી તા.૨૩/ ૧૦એ છેલ્લું નોરતું હતું અને મારી દિકરી ગરબી રમવા ગયેલ હતી અને રાત્રીના બારેક વાગ્યા આસપાસ હું મારી દિકરીને ગરબીમાંથી પાછી લેવા માટે અમારા ઘરે ગયેલ અને ત્યાં ગરબીમાં ઈનામ વિતરણ થયેલ અને મારી દિકરીને પણ ઈનામ મળેલ અને મારી દિકરી કૃપાલીએ મને કહેલ કે, મમ્મી મને એક ઈનામ ઓછું મળેલ છે.

પોલીસ હેડ ક્વાર્ટરમાં શસ્ત્રપૂજન ★ અહેવાલ ★ પાના નં.૩ ઉપર



તસવીરઃ જીતુ સોલંકી







# વિજયાદશમી નિમિતે ક્ષત્રિય સમાજ અને પોલીસ વિભાગ દ્વારા કરાયું શસ્ત્ર પૂજન

## શસ્ત્રપૂજન પૂર્વે ક્ષત્રિય સમાજની બાઇક રેલી

વિજયાદશમી નિમિતે ક્ષત્રિય સમાજ અને પોલીસ વિભાગ દ્વારા પરંપરાગત રીતે શસ્ત્ર પુજન કરવામાં આવ્યું હતું, અહીંના રાજપૂત સમાજની વાડી ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા, ધારાસભ્ય રીવાબા જાડેજા સહિતના ક્ષત્રિય સમાજના આગેવાનો જોડાયા હતાં, બીજી બાજુ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ

અનુ પાના નં.૨ પર



# મહિલાના ખૂન પ્રકરણનો બાલંભા ખાતેનો મેનેજર ઝડપાયો

## પડધરી પાસે સળગી ગયેલી હાલતમાં મળેલા મૃતદેહનો ભેદ અંતે ઉકેલાયો

પડધરીના ખામટા સીમ ધાર વિસ્તારમાં તાજેતરમાં યુવતિની હત્યા કરીને સળગાવેલી લાશ મળી આવતા રહસ્યના આંટાપાટા સર્જાયા હતા અને આ દિશામાં રાજકોટ રૂરલ, એલસીબી, એસઓજી, પડધરી પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતીમાન કરવામાં આવ્યા હતા, હત્યાનો ભોગ બનનાર અલ્પા ઉર્ફે આઇશા વિઠલ મકવાણા (ઉ.વ.૨૭) મુળ અમદાવાદના વતની હોવાનું ખુલ્યુ હતું, તેની હત્યા તેના પ્રેમી રાજકોટ-ગાંધીગ્રામમાં રહેતા મેહુલ બેચર ચોટલીયાએ કરી હતી, વોટસએપમાં સ્ટેટસ મુકવા અને ભુતકાળ બાબતે માથાકુટ થયા બાદ અલ્પાએ પ્રેમી મેહુલને તમાચા ઝીંકી દીધા હતા, જેના કારણે ઉશ્કેરાયેલા મેહુલે બેડરૂમમાં જ અલ્પાનું ગળુ દબાવીને ઠંડા કલેજે હત્યા કરી હતી.

હત્યા કર્યા બાદ લાશ બેગમાં રાખી હતી, એ પછી સળગાવી નાખ્યાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી, પોલીસ તપાસમાં એવી પણ વિગત આવી હતી કે, આરોપી મેહુલ ચોટલીયાએ લાશ સળગાવી દીધાના બીજા દિવસે સ્થળ પર ગયો હતો, આરોપી મેહુલ મુળ જોડીયા તાલુકાના બાલંભા ગામનો વતની છે, અને અવાર નવાર ત્યાં જતો હતો, આ કારણથી જ જયાં લાશ સળગાવી તે વિસ્તારથી તે વાકેફ હતો, ગત તા. ૭ના રોજ વીમાના કામે પિતા સાથે જામનગર ગયો હતો અને જયાંથી પરત ફરતી વેળાએ મૃતદેહનો નિકાલ કરવાનો હતો તે સ્થળ જોઇ લીધુ હતું.

તા. ૮ના રોજ સવારે ફરીથી બાઇક લઇને ખામટા સીમમાં પહોચ્યો હતો, જગ્યા બરાબર જોઇ લીધી હતી અને એ પછી લાશને કારમાં લઇ જઇને સળગાવી નાખી હતી, બીજા દિવસે લાશનું શું થયું, ખબર પડી કે નહીં એ બાબત ચકાસવા ફરીથી આરોપી સ્થળ પર પહોચ્યો હતો, જો કે ત્યાં પોલીસને જોઇને ચુપચાપ નીકળી ગયો હતો, પોલીસની ધનિષ્ઠ પુછપરછમાં સાતીર આરોપી મેહુલે વટાણા વેરી નાખ્યા હતા, ગુનો કબુલી લીધો હતો, તેણે પોલીસને ઉપરોક્ત સિલસીલાબંધ વિગતો આપી હતી, વધુમાં કહ્યુ હતું કે તેના લગ્ન જામનગરના ગુલાબનગર વિસ્તારમાં રહેતી નામની યુવતિ સાથે થયા હતા અને એ પછી મનમેળ નહી રહેતા છુટા છેડા થઇ ગયા હતા ત્યારબાદ અમદાવાદની અલ્પા સાથે સંપર્ક થયો હતો અને ધીરે ધીરે સબંધ ગાઢ બનતા સાથે રહેતા હતા.

# મેઘપરમાં બનેલા અપહરણના બનાવનો આરોપી ઝડપાયો

## તપાસનો દૌર છેક મધ્યપ્રદેશ સુધી પહોંચ્યોઃ સગીરા હેમખેમ મળી આવતાં હાશકારો

મેઘપર પડાણા પોલીસ સ્ટેશનના સગીરાના અપહરણના કેસમાં પોલીસે સીરોદ સુધી તપાસ લંબાવીને આરોપીને પકડી પાડ્યો હતો અને સગીરાને મુક્ત કરાવી હતી.

પડાણા પોલીસ દ્વારા બહારના રાજયમાં તપાસ કરીને આરોપીના સગડ દબાવ્યા હતાં જેમાં સફળતા મળી હતી, આરોપીને અને ભોગ બનનારને અહીં લાવવામાં આવ્યા છે અને શખ્સની વિધિવત ધરપકડ કરી વધુ પુછપરછ ચલાવવામાં આવી રહી છે.

જામનગર શહેર-જીલ્લામાં શરીર સબંધી ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા એસપી દ્વારા સુચના કરવામાં આવતા મેઘપર પડાણા પોલીસ સ્ટેશનના આઇપીસી કલમ ૩૬૩, ૩૬ મુજબના ગુનાની તપાસ માટે સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જે ગુનાના કામે આરોપીની કોલ ડીટેલ્સ મંગાવી તેનું એનાલીસીસ કરતા આરોપી ભોગ બનનાર સગીરાને ભગાડીને પોતાના વતન એમપીના ધાર જીલ્લાના સરદારપુર તાલુકાના સીરોદ ગામે લઇ ગયો હોવાનું જાણવા મળ્યુ હતું.

જેથી સર્કલ પીઆઇ પી.એલ.વાઘેલાએ પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ પાસેથી રાજય બહાર તપાસમાં જવાની મંજુરી મેળવી, મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના હેડ કોન્સ જશપાલસિંહ જેઠવા, પો.કોન્સ બ્રિજરાજસિંહ જાડેજા તથા

અનુ પાના નં.૨ પર

# દિપાવલિના પર્વ ટાંકણે ફૂડ શાખા ફૂલ ઍકશનમાંઃ ૧૯ સ્થળે દરોડા



તસવીરઃ જીતુ સોલંકી

## બરફી-પેંડા અને પનીર સહિતના અખાદ્ય પદાર્થોના કરાયો નાશ

જામનગર શહેરમાં ફુડશાખા નવરાત્રી અને દિવાળીના સમયમાં કાર્યરત થઇ જાય છે, છેલ્લા પાંચ દિવસથી મીઠાઇ, ફરસાણ, હોટલ, રેસ્ટોરન્ટ અને દુકાનો ચેક કરવામાં આવી રહી છે, ગઇકાલે ૧૯ સ્થળોએ ફુડશાખાના અધિકારીઓએ ચેકીંગ કરીને ૧૦ જગ્યાએથી ચીજવસ્તુઓના નમુના લઇને વડોદરાની લેબમાં મોકલી આપવામાં આવ્યા છે, અખાદ્ય તેલ, બરફી, પેંડા, પનીરનો નાશ કરાયો છે અને દુકાનધારકોને સ્વચ્છતા રાખવા આદેશ કરી દેવામાં આવ્યો છે.

ફુડ શાખાના અધિકારીઓના જણાવ્યા મુજબ અલગ-અલગ વિસ્તારોમાં ફરસાણ, ફાસ્ટફુડ, હોટલ, આઇસ ફેકટરી, રેસ્ટોરન્ટ સહિતના સ્થળોએ હાઇજેનીક કંડીશન મેન્ટેન કરવા ખાદ્ય પદાર્થો ઢાંકીને રાખવા, એપ્રન, કેપ, ગ્લોઝ પહેરવા, રસોડાની સફાઇ કરવી, ફુડ કલરનો ઉપયોગ ન કરવો અને કર્મચારીઓના ફીટનેશ અંગે પણ વિચારવું તેમ કહેવામાં આવ્યું હતું.

ફુડ શાખાના અધિકારીઓએ શિવસાગર ગોડાઉન કામદાર કોલોનીમાંથી પેંડા અને બરફી ૨૦ કિલો નાશ કરાવી હતી જયારે ખોડીયાર કોલોનીમાં આવેલ કાનો માલધારી રેસ્ટોરન્ટમાંથી ૨૦ કિલો અનહાઇજેનીક ખાદ્ય

અનુ પાના નં.૨ પર

# ઉદ્યોગનગરના કારખાનામાં થયેલી ચોરી અંતર્ગત બે ઝડપાયા

## પિત્તળનો છોલ સહિતનો મુદ્દામાલ કબજે લેવાયોઃ ત્રિપુટીની ખૂલતી સંડોવણી



તસવીરઃ જીતુ સોલંકી

જામનગર શહેરના ઉધોગનગરમાં તાજેતરમાં કારખાનામાંથી પિત્તળનો માલ અને છોલની ચોરી થઇ હતી, જેનો ભેદ પોલીસે ઉકેલી નાખી બે શખ્સોને ૫.૬૭ લાખના મુદામાલ સાથે પકડી લીધા છે, તપાસ દરમ્યાન ૩ના નામ ખુલ્યા છે.

જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુએ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી-સી પીઆઇ એ.આર. ચૌધરી, સર્વેલન્સ સ્કોડના પીએસઆઇ વી.એ. પરમારની સુચના અનુસાર શંકરટેકરી ઉધોગનગર કારખાનામાંથી અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હતા જે ગુનો શોધી કાઢવા સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ટેકનીકલ-હ્યુમનસોર્સ દ્વારા સ્ટાફના હેડ કોન્સ. યશપાલસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા તથા હોમદેવસિંહ જાડેજાને મળેલ બાતમી આધારે, ખોડીયારનગરથી કનસુમરા પાટીયા કાચા રોડ પર વોચ ગોઠવી હતી.

દરમ્યાન ચોરીમાં ઉપયોગ કરેલ ઇકો ગાડી અને મોટરસાયકલ સાથે ચોરી કરનાર બે શખ્સ રાજકોટ ખોડીયારપરા જીઆઇડીસી આજી ડેમ પાસે રહેતા મેહુલ ઉર્ફે બટુક રાજેશ સાકરીયા અને રાજકોટના લોહાનગર શેરી નં. ૭માં રહેતા સુનિલ ઉર્ફે આર્યો ભાવેશ શિયાળ આ બંનેને દબોચી લીધા હતા તેની પાસેથી ૪ પ્લાસ્ટીકના પિતળનો માલ ભરેલ બાચકા વજન ૨૦૦ કી. અને છોલના

અનુ પાના નં.૨ પર

# જામનગર પાસેના બેડ નદી કિનારેથી યુવકની મળી લાશ



તસવીરઃ જીતુ સોલંકી



જામનગર નજીક બેડ ગામની નદીના કાંઠેથી એક અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી, મૃતદેહ કોહવાયેલ ગયેલ હોય, પોલીસ દ્વારા મૃતદેહનો કબ્જો સંભાળી ઓળખ મેળવવા સહિતની તપાસ ચલાવવામાં આવી રહી છે.

બેડ ગામ નદીના કાંઠે બાવળની ઝાડીમાં તા. ૨૧ના રોજ આશરે ૪૦ થી ૪૫ વર્ષના અજાણ્યા પુરૂષ કોઇપણ કારણસર મરણગયેલ હોવાની સિકકા પોલીસને જાણ કરવામાં આવી હતી, આથી સિકકાના પીએસઆઇ સરવૈયા અને

અનુ પાના નં.૨ પર

# ધ્રોલના વાગુદડ ખાતે પાવર હાઉસના કર્મચારીને ધમકીનો પાવર દેખાયો

## સહકર્મચારી સહિત બે સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ

ધ્રોલની શિવધારા સોસાયટી બ્લોક નં. ૧ ખાતે રહેતા અને મુળ રાજકોટ રામનગર સોસાયટીના વતની તથા પીજીવીસીએલ ધ્રોલ ખાતે ફરજ બજાવતા પંકજ બાલેશ્વરપ્રસાદ પટેલ (ઉ.વ.૪૪)એ ગઇકાલે ધ્રોલ પોલીસમાં જામનગરના હર્ષ નવીનચંદ્ર ચાંદ્રા તથા નવીનચંદ્ર ચાંદ્રા આ બંનેની સામે આઇપીસી કલમ ૨૯૪(ખ), ૫૦૪, ૫૦૬, ૧૧૪ મુજબ ફરીયાદ નોંધાવી હતી.

ફરીયાદની વિગત મુજબ ફરીયાદી પંકજભાઇ ધ્રોલ પીજીવીસીએલમાં પોતાની ફરજ બજાવતા હોય જયારે આરોપી હર્ષ તેની નીચે ફરજ બજાવતા હોય, ગત તા. ૨૨ના સાંજના ૭-૪૫ વાગ્યાના સુમારે વાગુદડ રોડ ખાતે પીજીવીસીએલ કચેરી ખાતે ઉપરોકત બંને આરોપી સાથે મળી ફરીયાદી ચા-પાણી પીતા હોય એ દરમ્યાન ત્યાં આવી ફરીયાદી પંકજભાઇને જાહેરમાં અપશબ્દો કહી, ધાક ધમકી આપી એકબીજાને મદદગારી કરી હતી.

# સડોદરની સીમમાં પરપ્રાંતિય યુવકનું અગમ્ય કારણોસર મોત

મુળ મહારાષ્ટ્રના નંદુરબાર જીલ્લાના વતની અને હાલ સડોદર ગામની મુંડા સીમમાં રમણીકભાઇની વાડીએ રહેતા અનિલ રામચંદ્ર વાઘલે (ઉ.વ.૩૫) નામના આદીવાસી યુવાનનું ગઇકાલે વાડીએ કોઇ કારણસર મૃત્યુ નિપજયુ હતું, આ બનાવ અંગે સડોદર ગામમાં રહેતા કિશન નરશીભાઇ માલવીયાએ શેઠવડાળા પોલીસમાં જાણ કરતા બનાવ સબંધે પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવી છે.

# દેશી દારૂની ભઠ્ઠી પર ધ્રોલ પોલીસનો છાપો, બે ઝડપાયા

**ગાંધીનું ગુજરાત !**

ધ્રોલના ચામુંડા પ્લોટ વિસ્તારમાં વોકળાના કાંઠે દેશી દારુની ભઠ્ઠી ચલાવવામાં આવી રહી છે, જેના આધારે ધ્રોલના પીએસઆઇ પનારાની સુચનાથી સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં ૩૫ લીટર દેશી દારુ, ૨૭૦ લીટર આથો, ભઠ્ઠીના સાધનો અને દેશી દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ એક મોટરસાયકલ મળી કુલ ૫૧૪૪૦ના મુદામાલ સાથે ધ્રોલના ડફેર વાસમાં રહેતા હુશેન ઉર્ફે પપ્પુ જાનમામદ મકવાણા અને ઈરફાન ઉર્ફે ટકી જાનમામદ મકવાણા આ બંનેને દબોચી લીધા હતા.

જયારે રેઇડ દરમ્યાન ચામુંડા પ્લોટમાં રહેતા જાનમામદ અબ્દુલ મકવાણા તથા ઈસાક જાનમામદ મકવાણા આ બંને નાશી છુટયા હતા, ચારેયની સામે પ્રોહી મુજબ ફરીયાદ દાખલ કરી તપાસ આગળ ધપાવી છે.

## આથો અને ભઠ્ઠીના સાધનો સહિતનો સામાન કબજેઃ બે નાઠા!

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com